
# 21મી સદીના જીવનનું યુઝર્સ મેન્યુઅલ: ભગવદ્ ગીતા




**ભગવદ્ ગીતામાં સર્વશ્રેષ્ઠ (શંકરાચાર્ય ઉપરાંત) ભાષ્ય સ્વામી વિવેકાનંદનું, પરમહંસ યોગાનંદનું, શ્રી અરવિંદનું અને ભક્તિ વેદાંતવાળા સ્વામી પ્રભુપાદનું છે. એ ઉપરાંત, બાળગંગાધર તિલક, મહાત્મા ગાંધી, વિનોબા ભાવે, સ્વામી શિવાનંદ, સર્વપલ્લી રાધાકૃષ્ણ, એકનાથ ઇશ્વરનનાં ભાષ્યો પણ છે**

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

હરિયાણાની કુરુક્ષેત્ર યુનિવર્સિટીએ ભગવદ્ ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ કર્યો છે. તે આ વર્ષથી ગીતા વિષયમાં વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રી આપશે. ઉત્તરાખંડ સરકારે રાજ્યોની સરકારી સ્કૂલોનાં પુસ્તકોમાં ગીતા સામેલ કરવા માટે NCERTને વિનંતી કરી છે. અગાઉ, ગુજરાત અને કર્ણાટક સરકારોએ સ્કૂલોમાં ગીતાના પાઠ ભણવાનું નક્કી કર્યું હતું. 21મી સદીમાં ગીતાની બોલબાલા વધી રહી છે. અભિનેત્રી અને યોગ શિક્ષક શિલ્પા શેટ્ટી અને તેની બહેન શમિતાએ ગીતા ફોર ઓલ નામની પહેલ શરૂ કરી છે. ન્યૂયોર્કમાં કુત્રિમ બુદ્ધિની મદદથી ગીતાનું એક નવું વર્ઝન બહાર પાડવાનો પ્રોજેક્ટ ચાલે છે.

'ભગવદ્ ગીતા'નો અર્થ થાય છે 'ભગવાનનું ગીત.' મહાભારતમાં, કુરુક્ષેત્રના યુદ્ધમાં સારથિ બનેલા ભગવાન કૃષ્ણએ પાંડવ પુત્ર અર્જુનને જીવન અને મૃત્યુલક્ષી જે વ્યાખ્યાનો આપ્યા હતા તે ભગવદ્ ગીતા તરીકે પ્રચલિત છે. મહાભારતના ભીષ્મપર્વમાં 18 અધ્યાય 700 શ્લોકને સમાવતી ગીતાનો સમય ઈશુ પૂર્વેની 300મી સદીની આસપાસ મનાય છે.

ઉપનિષદ અને બ્રહ્મસૂત્રની સાથે ગીતાની ગણના પ્રસ્થાનત્રયીમાં થાય છે. તેમાં ઉપનિષદોને 'શ્રુતિ પ્રસ્થાન,' ગીતાને 'સ્મૃતિ પ્રસ્થાન' અને બ્રહ્મસૂત્રોને 'ન્યાય પ્રસ્થાન' કહે છે. પ્રસ્થાનત્રયી જીવનની



પ્રવૃત્તિ અને નિવૃત્તિનું તાત્વિક વિવેચન કરે છે. આ ત્રણે વેદાંતના મુખ્ય સ્થંભ છે. પૌરાણિક સમયમાં, કોઈ ગુરુ અથવા આચાર્ય તેમના મત સ્થાપિત કરવા માંગતા હતા, ત્યારે તેના માટે તેમણે આ ત્રણે પર ભાષ્ય લખવું પડતું હતું.

ગીતા (અને મહાભારત)ના લેખક તરીકે ઋષિ વ્યાસનું નામ છે. તેમનું પૂરું નામ કૃષ્ણદ્વૈપયાન હતું. તેમણે વેદોનું વર્ગીકરણ કર્યું હતું એટલે તેમણે વેદ વ્યાસ પણ કહેવાય છે. બીજી એક દંતકથા પ્રમાણે, શંકર પુત્ર ગણેશની એક દંતશૂળ તૂટી ગઈ હતી ત્યારે વ્યાસે મહાભારત અને ગીતાનું વ્યાખ્યાન કર્યું હતું અને ગણેશજીએ તેને લખી લીધું હતું.

ભગવદ્ ગીતાના નિષ્ણાત કહેવાતા કાશીનાથ ઉપાધ્યાય અનુસાર, એક જ નામના અનેક લોકોએ અલગ-અલગ પાઠ એકત્ર કર્યા હોય તે શક્ય છે. એશિયન સંસ્કૃતિના અમેરિકન અભ્યાસુ એલેક્સસ મેકલિયોડ પણ એવું કહે છે કે કોઈ એક લેખકે ગીતા લખી હોય તે સંભવ નથી. બ્રિટીશ ઈતિહાસકાર અને ઈન્ડોલોજીસ્ટ આર્થર બશમ એવો દાવો કરે છે કે ત્રણ કે તેથી વધુ લેખકોએ ગીતાનું સંપાદન કર્યું હોવું જોઈએ.

વેદાંતી સ્વામી વિવેકાનંદ અનુસાર, મોટાભાગના પૌરાણિક ભારતમાં ગીતાને કોઈ જાણતું નહોતું. 8મી સદીમાં આદિ શંકરાચાર્યએ ગીતાને મુખ્ય ધારામાં પ્રચલિત બનાવી હતી. આ શક્ય છે. ગીતા સંસ્કૃતમાં લખાયેલી છે. પૌરાણિક ભારતમાં સંસ્કૃત પંડિતો અને રાજાઓની ભાષા હતી. એટલે સંસ્કૃતમાં લખાયેલાં શાસ્ત્રો સાધારણ લોકોની પહોંચથી બહાર હતાં. ગીતાનું સૌ પહેલું ભાષ્ય આદિ શંકરાચાર્યના નામે છે. તેને 'શંકર ભાષ્ય' પણ કહે છે. શંકરાચાર્યએ જ તેને તેમની પ્રસ્થાનત્રયીમાં સ્થાન આપ્યું હતું. એ પછી નિમ્બાર્કાચાર્ય, રામાનુજ અને માધવાચાર્યનું ગીતા ભાષ્ય પ્રમુખ ગણાય છે.

ભગવદ્ ગીતા પર આજે પણ 40થી વધુ ભાષ્યો પ્રચલિત છે. તેમાં સર્વશ્રેષ્ઠ (શંકરાચાર્ય ઉપરાંત) ભાષ્ય સ્વામી વિવેકાનંદનું, પરમહંસ યોગાનંદનું, શ્રી અરવિંદનું અને ભક્તિવેન્દાંતવાળા સ્વામી પ્રભુપાદનું છે. એ ઉપરાંત, બાળગંગાધર તિલક, મહાત્મા ગાંધી, વિનોબા ભાવે, સ્વામી શિવાનંદ, સર્વપલ્લી રાધાકૃષ્ણ, એકનાથ ઈશ્વરનનાં ભાષ્યો પણ છે. એ સિવાય, અલગ-અલગ ભાષાઓમાં અનેક અભ્યાસુઓ અને ગુરુઓ લખેલાં ભાષ્યો અનગિનત છે.

ગીતા કેમ પ્રચલિત છે? કારણ કે તે જટિલ સંસારમાં કેવી રીતે જીવવું તેનો રસ્તો બતાવે છે. દરેક ધર્મ, દરેક ચિંતન, દરેક જ્ઞાનનો, દરેક વિજ્ઞાનનો અંતિમ ઉદેશ્ય જીવનને બહેતર રીતે જીવવાનો છે. ગીતા કહે છે કે સંસાર પ્રકૃતિ (ભૌતિક તત્વો) અને પુરુષ (આધ્યાત્મિક તત્વ)થી બનેલો છે. મેટર અથવા પદાર્થમાં ત્રણ ગુણ હોય છેઃ સત્વ, રાજસ અને તમસ. ભૌતિકવિજ્ઞાન હજુ એ સ્વીકારતું નથી, પરંતુ ગીતા અનુસાર, આ ત્રણે ગુણો સજીવ, નિર્જીવ અને સ્થૂળ વસ્તુઓમાં હોય છે. કૃષ્ણ અર્જુનને કહે છે, "આ મૂળ પ્રકૃતિ જ સંસારની તમામ વસ્તુઓ ઉત્પન્ન કરે છે અને હું જ બ્રહ્મ (આત્મા, જીવ) રૂપમાં ચેતનાના બીજને સ્થાપિત કરું છું."

સાત્વિક, રાજસિક અને તામસિક ગુણો ભૌતિક પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે અને તે ત્રણેના કારણે જ અવિનાશી આત્મા શરીરમાં બંધાઈ જાય છે. પ્રકૃતિમાંથી પેદા થયેલાં આ ત્રણે ગુણોને પુરુષ ભોગવે છે અને તે ગુણોની સાથે જ આત્મા સારી-ખોટી યોનિઓમાં જન્મ લે છે.

ગીતા આપણને કહે છે કે આપણે જો રાજસ અને તમસ ગુણને બદલે સત્વ ગુણને કેળવીએ તો દુનિયા રહેવા માટે બહેતર જગ્યા બની જશે. છતાં, બાળપણથી આપણને હરીફાઈ, મોજ-મસ્તી, સ્વાર્થ, પાવર, પૈસો, નામ વગરે પાછળ દોડવાનું શીખવાડવામાં આવે છે. આપણને જીવનમાં સંતોષ નથી હોતો તેનું કારણ સત્ત્વ ગુણની ગેરહાજરી અને રાજસિક-તામસિક ગુણોનું પ્રભુત્વ છે.

ગીતાનો આ મુખ્ય સાર છે. વાસ્તવમાં, જેમ નવા કોમ્પ્યુટરની સાથે યુઝર્સ મેન્યુઅલ અથવા નવા મોબાઈલ ફોન સાથે યુઝર્સ ગાઈડ આવે છે, તેવી રીતે આપણે જો જીવનને એક નિશ્ચિત માર્ગદર્શન વગર જીવીએ તો આપણે રાજસિક અને તામસિક રસ્તાઓ પર વળી જઈએ છીએ. એ અર્થમાં ગીતા એક યુઝર્સ મેન્યુઅલ છે.

# શેરીયુદ્ધ અને ન્યૂઝ ચેનલો

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વીશ કોઠારી**

ભારતના પાડોશી દેશ નેપાળમાં યુવા પેઢીએ સરકાર સામે બળવો કર્યો, ભારે હિંસા, આગચંપી અને મારામારી થઈ, ત્યારે આપણા ઘણા લોકોને તેમાં જુદા પ્રકારે મઝા પડી ગઈ. આપણી જૂની, મોબાઈલ કે ટીવી યુગ પહેલાંની પરંપરા, પાડોશીના ઝઘડાની મઝા લેવાની છે. તે સમય જોઈ ચૂકેલાં સૌને ખ્યાલ હશે કે શેરીના-પોળના-સોસાયટીના કોઈ ઘરમાં અંદરોઅંદર ધમાચકડી મચે, ત્યારે આજુબાજુ રહેનારા લોકોને કરમુક્ત મનોરંજન મળી જતું હતું. તે સમયે એક ટીવી કંપનીનું સૂત્ર પ્રચલિત હતુઃ નેબર્સ એન્વી, ઓનર્સ પ્રાઈડ (માલિકનું ગૌરવ, પાડોશીની ઈર્ષ્યા). તે સાચું હતું કે નહીં એ ખબર નથી, પણ પાડોશીના ઝઘડાને કારણે બીજાં બધાંને મઝા પડી જતી હતી. કેટલાક તો આસપાસના મિત્રો-સ્નેહીઓને પણ તે જોવા બોલાવી લેતા હતા.

ઝઘડો, તે ફાટી નીકળવાનાં કારણો અને તેની ભાવિ અસરો વિશે કલાકો સુધી ચર્ચા ચાલ્યા કરતી હતી. તેમાંથી કશું નીપજતું ન હતું અને તેમાંથી કશું નીપજાવવાનો આશય પણ ન હતો. મનોરંજન સાથે ટાઈમપાસ એ જ મુખ્ય આશય રહેતો હતો. તે અર્થમાં મનોરંજન વિશુદ્ધ હતું. કારણ કે, તે માણવા ટોળે વળેલાં અને વિખરાયા પછી પણ પોતપોતાના ઓટલે-ઘરે જઈને તેની ચર્ચામાંથી રસ લૂંટનારાંનું આખી વાતમાં કોઈ અંગત હિત ન હતું. તેમને કશો ફાયદો કે નુકસાન ન હતા. 'હું તો બસ ફરવા આવ્યો છું'એ પંક્તિની જેમ, આવાં લોકોનો જીવન સિદ્ધાંત રહેતો, 'હું તો બસ માણવા આવ્યો છું/ આનું કે તેનું, કોઈનું ક્યાં તાણવા આવ્યો છું?'

ટીવી પર ખાનગી ચેનલો શરૂ થઈ ત્યારથી લોકોના મનોરંજનનું માધ્યમ બદલાઈ ગયું. ઝઘડા તો થતા, પણ તેમાં પહેલાં જેવી વ્યૂઅરશીપ મળતી બંધ થઈ. બહાર લાઈવ થતા ઝઘડાના કાર્યક્રમના ટીઆરપી ઘટી ગયા. પછી આવ્યો ન્યૂઝ ચેનલોનો જમાનો. તેમણે જૂના સામાજિક મોડેલનું ટીવી પર અનુકરણ કરીને પ્રચંડ સફળતા મેળવી. તેમની સૂઝને કારણે, શેરીઝઘડા જેવું વાતાવરણ ટીવી સ્ટુડિયોમાં ચર્ચા દરમિયાન સર્જાવા લાગ્યું. એવી જ તુંતું મૈંમૈં, ઘાંટાઘાંટ, એકબીજા પર આક્ષેપબાજી, બધા બોલે ને કોઈનું સંભળાય નહીં અને આ બધામાં છેવટે નીપજે કશું નહીં, એ શેરીમોડેલ ન્યૂઝ ટીવીને બરાબર ફાવી ગયું. બીજો ફાયદો એ થયો કે બીજું ઘણું ભલે ભૂંસાયું હોય, પણ ઝઘડાનું જોણું બનાવવાનો સાંસ્કૃતિક વારસો ભૂંસાતો અટકી ગયો. પુરાતત્ત્વ ખાતાએ તેની જાળવણીની જવાબદારી ન લીધી, એટલે તે પરંપરા સરસ રીતે જળવાઈ રહી.

શેરીયુદ્ધ અને ટીવી પર થતી ચર્ચાને એકસાથે મૂકતી વખતે કેટલીક બાબતોની ખાસ નોંધ લેવી જોઈએ. શેરીઓમાં થતી લડાઈ મુખ્યત્વે શુદ્ધ, તળપદી ગુજરાતીમાં હતી અને એવું જ હોય. પારકે ઘેર પૂજા કરાવવા જનારને લડવાનું થાય તો તે સંસ્કૃતમાં થોડા લડે? ઘણી વાર જેમની સભ્ય અને ઉચ્ચ તરીકેની છાપ હોય એવા લોકો પણ ઝગડો થાય ત્યારે તેમનો મૂળ બાંધો પ્રગટ કરી દેતા હતા.

અપશબ્દોનો ધોધમાર વરસાદ પડતો અને દર્શકો તેમાં મન કચવાતું રાખ્યાનો ડોળ કરીને હોંશે હોંશે સ્નાન કરતા હતા. વાંક દેખાઓ કહી શકે કે એ વખતે-એ વાતાવરણમાં ભાંખોડિયાં ભરતાં બાળકો ભવિષ્યમાં ઓટીટી પર આવનારી શ્રેણીઓના સંવાદલેખકો બનવાના હતા.

એમ પણ કહી શકાય કે માતૃભાષા માટે લોકોને જે અભિમાન હતું (કે લડવાની મઝા તો માતૃભાષામાં જ), તે ન્યૂઝ ચેનલો જોઈને થોડું માપમાં આવ્યું. તેમને એવા વિચાર આવવા માંડ્યા કે અર્નબ ગોસ્વામી જેવા કેમેરા સામે, અંગ્રેજીમાં આટલો જોરદાર ઝઘડો કરી શકે છે, તો તે આપણી પોળમાં રહેતો હોત તો કેટલી મઝા આવત.



**ન્યૂઝ ચેનલોની ડીબેટ જોનારને એ વાતની ધરપત હતી. સ્ટુડિયોમાં એક જણ લડતાં લડતાં પ્રતિપક્ષી ભણી ધસી જાય કે બંને એકબીજાને ધક્કામુક્કી કરવા સુધી પહોંચી જાય તો તેનાથી દર્શકના શારીરિક જોખમમાં કોઈ પણ પ્રકારનો વધારો થયા વિના, મનોરંજનનું સ્તર ઊંચું જઈ શકતું હતું**

ઓટીટીની જેમ તે સમયે પણ, ઝઘડામાંથી નીપજતા રસને બદલે, કોઈ તેમાં બોલાતી ગાળોની ટીકા કરે, ત્યારે મોટે ભાગે તો ટીકા કરનારને જ લઈ પાડવામાં આવતા અને તેમને મુક્ત અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય વિશે ખ્યાલ આપીને, ગાળોને બદલે મુખ્ય મનોરંજન પર ફોકસ કરવાનું કહેવાતું હતું. ત્યારે બધાને લાગતું હતું કે આ તો બધા દેશીઓ છે એટલે આવી રીતે લડે છે.

પણ ન્યૂઝ ચેનલો પર થતી ડીબેટ જોયા પછી બધાને સમજાયું કે અંગ્રેજી-હિન્દી બોલીને પણ શેરીયુદ્ધની કક્ષાએ પહોંચી શકાય છે.

શેરીઝઘડામાં મામલો શાબ્દિકથી શારીરિક સુધી પહોંચે ત્યારે જોનારે પોતાની સલામતીની ચિંતા કરવી પડતી હતી. ન્યૂઝ ચેનલોની ડીબેટ જોનારને એ વાતની ધરપત હતી. સ્ટુડિયોમાં એક જણ લડતાં લડતાં પ્રતિપક્ષી ભણી ધસી જાય કે બંને એકબીજાને ધક્કામુક્કી કરવા સુધી પહોંચી જાય તો તેનાથી દર્શકના શારીરિક જોખમમાં કોઈ પણ પ્રકારનો વધારો થયા વિના, મનોરંજનનું સ્તર ઊંચું જઈ શકતું હતું અને દર્શકના માનસિક જોખમ વિશે તો, તે આવી ચેનલો જોતા હોય ત્યારે, કશી ચિંતા કરવાનું અસ્થાને બની જતું હતું.

## ઈશિતાનું અલકમલક

### અપમાનના બદલાનું આ છે ઝેરીલું વેર...

પતિ -પત્ની ઝગડીને લગ્ન સંબંધથી છૂટાં પડે પછી લાગણી ઓછી અને નફરત વધે ને એ રીતે વેરના ઝેર ઉછરે. ન્યૂયોર્કના આવા એક ડોક્ટરે પત્નીને કઈ રીતે પોતાની કિડની ડોનેટ કરી એની જિંદગી બચાવી ને પછી એ જ ડો.પતિએ ડિવોર્સ લેતી વખતે પત્નીને ભેટમાં કરેલી પોતાની પેલી કિડની નફ્ફટાઈથી પરત માગી લીધી હતી! આ જ રીતે, જેના પ્રેમનો અસ્વીકાર થયો એવા કોલકાતાના એક યુવકે એનું વેર લેવા અજાણ્યા નામ-એડ્રેસ પરથી ઓનલાઈન શોપિંગ કરીને પોતાની પૂર્વ પ્રેમિકાને ગિન્નાઈને કુરિયર દ્વારા 'કેશ ઓન ડિલિવરી' પાર્સલ મોકલવાના શરૂ કર્યાં. ચાર મહિનામાં આવાં 300 પાર્સલ મોકલીને એની પૂર્વ પ્રેમિકાને ત્રાહિમામ પોકારાવી દીધી પછી તો એની ફરિયાદને પગલે કોલકાતાની ચબરાક પોલીસે પેલા રંજાડનારા પ્રેમી-અપરાધીને ઝડપી પણ લીધો લગભગ આવો જ એક સમાંતર કિસ્સો થોડા સમય પહેલાં એક પતિ-પત્ની વચ્ચે વડોદરામાં બન્યો હતો. પતિ મયંક (નામ બદલ્યું છે)ને કોઈ લફરું છે એવી શંકા પત્ની કલ્પના (નામ બદલ્યું છે)ને હતી. કલ્પનાને શંકા હતી કે પતિને એમના લગ્ન બાદ પણ એની કોલેજકાળની ફ્રેન્ડ મનીષા સાથે ચક્કર ચાલતું હતું. એ વાતને લઈને બન્ને વચ્ચે અવાર-નવાર ઘર્ષણ થયા કરતું હતું. મયંક આ વાત નકારતો હતો પણ કલ્પના પતિની વાત માનતી જ ન હતી. ત્યાં અચાનક પત્ની કલ્પનાના નામે દર ત્રીજે-ચોથે દિવસે 'આઈ લવ યુ, માય ડિયર કલ્પના!' ના મેસેજ સાથે ગિફ્ટનાં પાર્સલ કુરિયરથી આવવા લાગ્યાં.



પોતાનો આ ગુમનામ પ્રેમી વળી ક્યાંથી જાગ્યો એવી અવઢવમાં કલ્પના ખુદ હતી. પેલાં લવ-ગિફ્ટ પાર્સલ કલ્પનાને નામે અવાર-નવાર આવવા ચાલુ જ રહ્યાં એટલે હવે પતિ મયંક અને એનાં ઘરવાળાઓને પણ શંકા જાગી કે કલ્પનાનું જ ખુદ કોઈ લફરું ચાલી રહ્યું છે! હવે મયંક-કલ્પના વચ્ચેના સંબંધ વધુ વણસ્યા અને વાત બન્નેની ડિવોર્સ સુધી પહોંચી ગઈ. કલ્પના એના પિયર ચાલી ગઈ પણ પેલાં ગિફ્ટ પાર્સલ્સ ચાલુ રહ્યાં. પોતાના ગુમનામ પ્રેમીને શોધવા કલ્પનાએ પોલીસ ફરિયાદ નોંધાવી. જે જે કંપનીની ગિફ્ટ આવતી હતી એનું ઓનલાઈન શોપિંગ થઈને બુકિંગ થતું હતું. કેસ પેચીદો હતો. પોલીસે તપાસની બીજી દિશા પકડી. જે ઈ-મેઇલ આઈડીથી ગિફ્ટની વરદી અપાતી હતી એના પરથી પોલીસે પગેરું પકડ્યું ને નિયમિત ગિફ્ટ મોકલતો કલ્પનાનો પેલો ગુમનામ 'પ્રેમી' પકડાઈ ગયો. એનો કહેવાતો લવર કોઈ યુવક નહીં પણ એક યુવતી નીકળી! પકડાયેલી 'પ્રેમી' મનીષા હતી, જે મયંકની કોલેજકાળની ખાસ ફ્રેન્ડ હતી. એની ઉલટતપાસમાં પોલીસને વેર-વસૂલાતની એક ગજબ કથા જાણવા મળી. કોલેજકાળની આ ખાસ મિત્રને કારણે પતિ મયંક અને પત્ની કલ્પનાને ઘર્ષણ થયા કરતું. કલ્પનાએ એક વાર ગુસ્સામાં મનીષાને બધાંની સામે ધમકાવીને પોતાના ઘેરથી કાઢી મૂકી. આવા અપમાનથી રોષે ભરાયેલી મનીષાએ વેર લેવા કલ્પનાના પ્રેમી તરીકે એના પર પ્રેમસંદેશા સાથે લવ-ગિફ્ટ્સનો ધોધ વરસાવ્યો ને કલ્પનાના લગ્નજીવનમાં ઊભી તિરાડ પડી. બસ, આ હતો એની વેર-વસૂલાતનો માસ્ટર પ્લાન!

### લાપત્તા થયો છે એક ટાપુ ભરદરિયે!

કેટલીક વાર પેલા સાગરખેડુ ક્રિસ્ટોફર કોલમ્બસ અને વાસ્કો ડી ગામા જેવું થાય. કોલમ્બસ શોધવા નીકળ્યો હતો ભારત પણ શોધી લાવ્યો અમેરિકા! વાસ્કો સમુદ્ર માર્ગે આફ્રિકા પહોંચવા નીકળ્યો ને કલિકટ-ભારત પહોંચી ગયો! આમે ય, દરેક પ્રકારની શોધ મોટાભાગે કોઈ ને કોઈ અકસ્માત સાથે સંકળાયેલી હોય છે. પછી એ વૈજ્ઞાનિક શોધ હોય કે ભૌગોલિક કે પછી કોઈ આદમીની શોધ. તાજેતરમાં ઈતિહાસના પેલા બે



સાગરવીરો જેવો જ અનુભવ બ્રિટિશ નૌકાદળને થયો. બ્રિટન રોયલ નેવીના સંશોધકો નિયમિત પોતાના સમુદ્રી સરહદ વિસ્તારમાં ફરતાં રહીને ત્યાંનાં ખબર-અંતર મેળવે છે. એમના રેકોર્ડ મુજબ દક્ષિણ પેસેફિક મહાસાગરમાં ચાર ટાપુનો એક સમૂહ છે, જે જ્વાળામુખીના વિસ્ફોટથી સર્જાયા હતા. 'પિટકેર્ન' તરીકે ઓળખાતા આ સમૂહની લેટેસ્ટ માહિતી મેળવવા નેવી ટીમ ત્યાં પહોંચી તો એમના આશ્ચર્ય વચ્ચે ત્યાં ચારમાંથી એક ટાપુ ગાયબ હતો. આ ચાર આઈલેન્ડ ત્યાં છેલ્લાં ૯૦ વર્ષથી મોજૂદ છે એવું ત્યાંના સરકારી નક્શામાં દર્શાવ્યું છે તો એક ટાપુ, જે હેન્ડર્સન નામથી ઓળખાતો હતો એ ક્યાં અલોપ થઈ ગયો? આટલાં વર્ષો સુધી અસ્તિત્વ ધરાવતો એક આખો ને આખો ટાપુ ગુમ થઈ જાય એ પણ ગજબ કહેવાય. રોયલ નેવીના નિષ્ણાત સમુદ્રશાસ્ત્રીઓની ટીમે શોધ આદરી. આજુબાજુનો દરિયો મહિનાઓ સુધી ખૂંદી વળ્યા. આ હેન્ડર્સન આઈલેન્ડ શોધી કાઢવો એટલે જરૂરી હતો કારણ કે પેસેફિક મહાસાગરનો એ એક સૌથી પ્રદૂષિત ટાપુ ગણાય છે. અહીં રોજ નાની-મોટી 400થી વસ્તુ તણાઈને આવે છે, જેમાં વર્ષે પાંચેક કરોડથી વધુ પ્લાસ્ટિકની આઈટમ્સ હોય છે. આખરે થોડા સમય પહેલાં આ લાપતા ટાપુ મળી આવ્યો છે. થયું 'તું એવું કે છેલ્લાં કેટલાંક વર્ષથી આ આઈલેન્ડ મૂળ જ્યાં હોવો જોઈએ એનાથી અનેક દરિયાઈ-નોટિકલ માઈલ્સ દૂર એને નક્શામાં ભૂલથી દર્શાવવામાં આવ્યો હતો. પરિણામે સમુદ્રશાસ્ત્રીઓને એ શોધ્યો જડતો ન હતો! હવે આ ગુમ આઈલેન્ડનું સાચું સરનામું મળી ગયું છે એટલે હવે એને પ્રદૂષણ-મુક્ત કરવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

## ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» પ્રત્યેક જીવિત આદમીની એક આશા સદાય અમર રહે છે. એ છે એને એક વાર તો લોટરી લાગશે - એવો જબરો જેકપોટ લાગશે કે એની જિંદગી ઝિંગ્ગાલાલા થઈ જશે. આ આશાવાદ સાથે દુનિયાના કરોડો લોકો લોટરી લે છે. ઈનામ નથી મળતું, છતાં ય આવો આશાવાદ જીવિત રહે છે. આ માનવસહજ લાગણીને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે હમણાં સત્તાવાર કંઈક એવી વિચારણા જાહેર કરી છે કે કોઈને જો રાજ્ય સરકારની લોટરી ન લાગે તો લોટરી ખરીદનારને ત્રણ કે પાંચ વર્ષમાં એ રકમ વ્યાજ સાથે પરત આપવામાં આવશે!
મરાઠીભાઉ ખુશ?

» દર વર્ષે વિશ્વભરમાં ૧૦ સપ્ટેમ્બર 'આત્મહત્યા રોકવાના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે મનાવવામાં આવે છે. આપઘાતને લઈને તાજેતરમાં બહાર આવેલા આંકડા ખરેખર ચિંતાપ્રેરક છે. એના અનુસાર વિશ્વમાં દર વર્ષે ૭ લાખ લોકો આત્મહત્યા કરે છે અર્થાત બીજા શબ્દોમાં કહો તો આજે દર સેકન્ડે ૪૦ વ્યક્તિ આપઘાત કરે છે!

## * ઈશિતાની એલચી *

**દરેક શબ્દ પાસે એનો અર્થ જરૂર હોય છે પણ એનું ખરું અર્થઘટન તો આપણા મન પાસે જ હોવું જોઈએ!**